# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૫/૧૦/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# એકટીંગ શીખવાડવામાં આવે છે પણ સફળ થવા પોતે જ મહેનત કરવી પડે છે : એકટર શ્રી પરીમલ દેસાઇ

## ચેમ્બરમાં 'વે ટુ બોલીવુડ' વિષય ઉપર સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવારે, તા. ૧૪ ઓકટોબર ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'વે ટુ બોલીવુડ' વિષય ઉપર સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે મુંબઇના મોડેલ, એકટર અને બોલીવુડ કન્સલ્ટન્ટ શ્રી પરીમલ દેસાઇએ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કઈ રીતે પ્રવેશ મેળવી શકાય અને સફળ કારકિર્દી ઘડી શકાય તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

શ્રી પરીમલ દેસાઇએ જણાવ્યુ હતુ કે, ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પ્રવેશવા માટે યુવા વર્ગને એક માઇન્ડ સેટ બનાવવુ પડશે. ઇમોશનલ, પેઇનફુલ, ફિયરફુલ અને નોન નેગોશિએબલ ડ્રીમ જયાં સુધી નહી હોય ત્યાં સુધી સફળતા નહી મળશે. એના માટે ચોકકસ ગોલ બનાવવો પડશે. ઇન્ડસ્ટ્રીમાં એકથી ત્રણ વર્ષમાં તમે કયાં સુધી પહોંચશો તે બાબત માઇન્ડમાં રાખીને ચાલવુ પડશે. એન્ટરટેનમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ઘણી તકો છે પણ આ એક અનપ્રિડીકટેબલ લાઇન છે. જેમાં સિરીયલ, ફિલ્મ, વેબ સિરીઝ અને ડિજીટલ વિગેરે સોર્સ છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, એકટીગ ઇન્સ્ટીટયુટમાં માત્ર એકટીગ જ શીખવાડવામાં આવે છે પરંતુ સફળ થવા માટે પોતે જ મહેનત કરવી પડે છે. તેમણે ટીવી સિરીયલ કઈ રીતે બને છે અને એકટરની ભૂમિકા એમાં કેટલી મહત્વની હોય છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે, આ ઇન્ડસ્ટ્રીમાં કો–ઓર્ડીનેટર થકી

જઇ શકાય છે. ડાયરેક્ટ જઇ શકાય છે અને કેટલાક કાસ્ટીગ ડિરેકટર થકી ઇન્ડસ્ટ્રીમાં પ્રવેશી શકાય છે. કાસ્ટીગ એજન્સીનો પ્રોડકશન હાઉસ સાથે કોન્ટ્રાકટ હોય છે અને તેઓ હાઉસને કેરેકટર પ્રમાણે એકટર પુરા પાડે છે.

શ્રી પરીમલ દેસાઇએ વધુમાં જણાવ્યુ હતુ કે, લોકો સાથે તમે કઈ રીતે ડીલ કરો છો તે ખૂબ જ મહત્વની બાબત છે. ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં પણ સારુ પર્ફોર્મન્સ કરવુ પડે છે. દિવસ દરમિયાન ત્રણથી ચાર ઓડીયન્સ આપવા પડશે. ઓડીયન્સ વખતે પોતાનો લુક ખૂબ જ જરૂરી હોય છે. ૫૦ ટકા કામ લુક કરે છે અને ૫૦ ટકા કામ એકટીગ કરે છે. ઓડીયન્સ આપવાનુ કામ ત્રણથી છ મહિના સુધી કરી શકાય છે. કારણ કે જેટલા વધારે ઓડીયન્સ આપીએ તેટલો વધારે લાભ થાય છે. ઓડીયન્સમાં ઘણા રિજેકશન મળશે પણ થાકવાનુ નહી અને હારવાનુ નહી. એક વખત તમને કામ મળી જાય પછી કામ જ કરતા રહેવાનુ હોય છે.

નસીબ વિશે તેમણે કહયુ હતુ કે, સખત મહેનત કરનારને નસીબ પણ સાથ આપે છે. પોતાનું પ્રોફાઇલ અને વર્કલીન્ક બનાવી રાખો. સાથે જ વોટ્સએપ ગૃપ અને એસએમએસ ગૃપની સાથે જોડાવો. આ બંને ગૃપમાં ઓડીયન્સ વિશેની માહિતી મળતી રહે છે. સ્ટ્રગલ દરમિયાન દરરોજ પોતાની જાતને મોટીવેટ કરતા રહેવાની સલાહ પણ તેમણે આપી હતી.

સેશનમાં ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇ, ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ અને એન્ટરટેનમેન્ટ કમિટીના સભ્ય શ્રી જવલંત નાયકે પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીએ યુવાઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે ચેમ્બરના માનદ્ સેક્રેટરી શ્રી ધીરેન થરનારીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.